| | |
|---|---|
| રજુ તારીખ | ૨૦/૦૭/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૨૦/૦૭/૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૧૯/૦૯/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસર**
**શ્રી એફ.એ.સિન્ધી સાહેબ સમક્ષ**

**<u>રેફરન્સ (LCN) નંબર : ૯૨/૨૦૧૮</u>**

<u>પ્રથમ પક્ષકારો</u> : (૧) ઓમ શીવા એન્ટરપ્રાઈઝ,
જી.એફ.૫, શ્રીજી ફલેટ,
માંજલપુર,
વડોદરા.
(૨) સીમા ઈલેકટ્રીકલ લાઈટીંગ પ્રોડકટસ ઈન્ડીયા પ્રા.લી.
માલાવાડા રોડ, મુ.લીંબાસી,

**<u>વિ રૂ ધ્ધ</u>**

<u>બીજા પક્ષકાર</u> : પટેલ વિરલકુમાર ભાસ્કરભાઈ,
રહે.સ્ટેશન રોડ, મું.લીંબાસી,
તા.માતર, જી.ખેડા.

<u>હાજર રહયા</u> : પ્રથમ પક્ષકાર નં.૧ તરફે –કોઈ નહી.
પ્રથમ પક્ષકાર નં.ર તરફે વિ.પ્ર.શ્રી એમ.જી.મેમણ
બીજા પક્ષકાર તરફે વિ.પ્ર.શ્રી ડી.એચ.શાહ

**: <u>એ વો ર્ડ</u> :**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકારો અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળાઓ**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાઓએ નોકરીમાંથી છુટા કરી દેતા

તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદ સમક્ષ તે અંગેનો ઔદ્યોગીક વિવાદ ઉત્પન્ન કરેલ. પરંતુ ત્યાં આગળ સદરહું વિવાદનું સમાધાન નહી થતાં, ઔદ્યોગીક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૧૦(૧) મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદે તેઓના પત્ર ક્રમાંક ૩૨૬૫, તા.૧૬/૭/૨૦૧૮ ધ્વારા અત્રેની કોર્ટને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારું સુપ્રત કરેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે.

**''શ્રી પટેલ વિરલકુમાર ભાસ્કરભાઈને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીની સળંગતા સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?''**

(૩) આ કામમાં અરજદાર તરફેથી આંક–૬ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, સામાવાળા નં.૨ સંસ્થામાં તેઓ તા.૩૦/૦૭/૨૦03 ના રોજથી કાયમી કામદાર તરીકે જોડાયા હતા. તેઓનું નામ કોન્ટ્રાકટરના કામદાર તરીકે લખવામાં આવેલ હતું. અરજદાર છેલ્લે દૈનીક રૂા.૨૯૭/– ના પગારથી રીબન પ્લાન્ટમાં ફરજ બજાવતા હતા. અરજદારનું નામ અલગ અલગ કોન્ટ્રાકટરના કામદાર તરીકે લખવામાં આવેલ હોવા છતાં, કોન્ટ્રાકટ બદલાતા હોવા છતાં કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ પુરો થવાના કારણસર કયારેય છુટા કરવામાં આવેલા ન હતા અને આમ અરજદારને છુટા કર્યા ત્યાં સુધી સળંગ નોકરી કરેલી છે. અરજદારની કામગીરીની દેખરેખ તથા સુપરવિઝનનો અંકુશ સામાવાળા નં.૨ નો રહેલ હતો. અરજદારને સામાવાળાના નં.૨ ના કામદાર ગણી, સામાવાળા નં.૨ ના કામદારોને મળતા લાભો આપવાની માંગણી મુકવામાં આવેલ હતી અને તે હાલ ઔદ્યોગીક અદાલત, નડીઆદ સમક્ષ ન્યાય નિર્ણય માટે પડતર છે. વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં.૨ નાએ કલોઝર માટેની પરવાનગી માંગતી અરજી શ્રમ આયુકતમાં દાખલ કરેલ હતી જે અરજી

ના-મંજુર થયેલ હતી અને તે કારણસર સામાવાળા નં.૨, ૬૦૦ જેટલા કામદારોને નોકરીમાંથી છુટા કરી શકયા ન હતા. જેથી સામાવાળા નં.૨ નાએ કલોઝર અરજીમાં જણાવેલ કારણોસર આ કામના અરજદાર તથા અન્ય કામદારોને મૌખીક હુકમથી છુટા કરવાનું શરૂ કરેલ હતું અને અરજદારને તા.૧/૧/૨૦૧૮ નારોજ છુટા કરવામાં આવેલા હતા. અરજદાર ધ્વારા સામાવાળા નં.૨ સંસ્થા પાસે છુટા કરવાના લેખિત હુકમની માંગણી કરવા છતાં આવો કોઈ લેખિત હુકમ આપવામાં આવેલો ન હતો તેમજ અરજદારને નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર પણ ચુકવવામાં આવેલ નથી. જેથી આ કામના અરજદારને છુટા કરવાનું સામાવાળા નં.૨ નું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ, અરજદારને નોકરીની મુળ જગ્યાએ, મુળ હોદ્દા ઉપર, સળંગ નોકરી ગણી, નોકરીમાં પુન:સ્થાપિત કરી, પડેલા દિવસોનો પુરો પગાર મળવાપાત્ર અન્ય તમામ લાભો સહીત ચુકવી આપવાનો સામાવાળાઓને હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારે છુટા કર્યા બાદ નોકરી મેળવવા પ્રયત્નો ચાલુ રાખેલા પરંતુ નોકરી મળેલી નથી. તેમજ અરજદાર સામાવાળા નં.૨ માં ફરજ બજાવવા હાજર થવા ખુશી હતા અને હાલ પણ ખુશી હોવાનું જણાવેલ છે.

(૪) આ કામના સામાવાળા નં.૨ સીમા ઈલેકટ્રીકલ લાઈટીંગ પ્રોડકટ ઈન્ડીયા પ્રા.લી.નાએ અરજદારના માંગણા નિવેદનનો લેખિત જવાબ રજુ કરેલો છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, સામાવાળા નં.૨ નાએ તા.૧૭/૧/૨૦૦૭ ના રોજ થી જી.ઈ.ઈન્ડ. પ્રા.લી. પાસેથી બીઝનેસ લીધેલ હતો. તા.૨૦/૧૨/૨૦૧૭ થી સામાવાળી સંસ્થાનું ઉત્પાદન કાર્ય સંપુર્ણ બંધ થઈ ગયેલ છે. અરજદાર અને તેઓ વચ્ચે કયારેય નોકર-માલીકના સબંધો સીધી રીતે ઉપસ્થિત થયેલા નથી. અરજદારે સામાવાળા નં.૧ શ્રી ઓમશીવા એન્ટરપ્રાઈઝ નામના કોન્ટ્રાકટના કામદાર તરીકે સામાવાળા

નં.૨ સંસ્થામાં એરેન્જ પેકીંગમાં ફરજ બજાવેલ છે. અરજદારને સામાવાળા નં.૧ જયારે જરૂર પડે ત્યારે કોન્ટ્રાકટ દ્વારા કામ ઉપર રાખવામાં આવતા. અરજદારને કામની વહેંચણી, દેખરેખ તથા પગાર વિગેરે સામાવાળા નં.૧ કરતા હતા તેમજ પી.એફ. પણ સામાવાળા નં.૧ કાપતા હતા. અરજદારને નિમણુંક તે સામાવાળા નં.૧, કોન્ટ્રાકટર દ્વારા આપવામાં આવેલ હતી અને તેઓને મળેલ માહીતી મુજબ સામાવાળા નં.૧, કોન્ટ્રાકટર દ્વારા જ અરજદારને સામાવાળા નં.૧નાઓએ તેઓનો એરેન્જ પેકીંગનો કરાર પુરો થતા અરજદારને બીજી જગ્યાએ કામ ચાલુ હતુ ત્યાં કામે જવાનું જણાવતા અરજદારે તેમના માલીક એટલે કે કોન્ટ્રાકટરના કામદાર તરીકે કામ કરવા જવાનું બંધ કરેલ છે. સામાવાળા નં.૧ પાસેથી મળેલ માહીતી મુજબ અરજદારે કયારેય કોઈ વર્ષમાં ૨૪૦ દિવસ પુરા કામ કરેલ નથી. આમ સામાવાળા નં.૨ ને આ કામે ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે અને અરજદારે સામાવાળા નં.૨ સંસ્થામાં કયારેય સીધા કામદાર તરીકે ફરજો બજાવેલ ન હોઈ, અરજદારને પુન:સ્થાપિત કરવાનો કે પડેલ દિવસોનો પગાર ચુકવવાનો પ્રશ્ન રહેતો નથી. જેથી તેઓએ અરજદારનો રેફરન્સ તેઓ સામે રદ કરવા અરજ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અરજદારે છુટા કર્યા તારીખ જે દર્શાવેલ છે તે પણ આભાસી છે.

જયારે સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર રહેતું ન હોઈ, સામાવાળા નં.૧ નો જવાબનો હકક પ્રોસીડીંગ્સના કામે બંધ કરવામાં આવેલો છે.

(૫) આ કામે અરજદાર તરફથી નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>– : : મૌખીક પુરાવો : : –</u>**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | માર્ક/આંક |
|---|---|---|
| ૧. | અરજદારનું સોગંદનામું (ઉલટતપાસ માટે હાજર રહેલ નથી) | ૧૬ |

(૬) સદર કામે સામાવાળાએ આંક–૧૮ થી અરજી રજુ કરી જણાવેલ છે કે, અરજદાર ઉલટતપાસ લેવા દેવા માટે હાજર રહેતા ન હોઈ, પુરાવાનું સોગંદનામું રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે. જેથી તે અરજી તળે થયેલ હુકમ મુજબ ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલો છે. ત્યારબાદ આંક–૧૯ થી સામાવાળા નં.ર તરફે કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે. જયારે અરજદાર તથા સામાવાળા નં.૧ નો પુરાવાનો હકક પ્રોસીડીંગ્સના કામે બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામે અરજદાર તથા સામાવાળા નં.૧ તરફે મૌખીક દલીલો કરવામાં આવેલી છે. જે સાંભળવામાં આવેલી છે. જયારે સામાવાળા નં.૧ તરફે કોઈ જ દલીલો કરવામાં આવેલી નથી. જેથી અરજદાર અને સામાવાળા નં.ર ની દલીલોની ચર્ચા યોગ્ય તબકકે કરવામાં આવશે.

(૮) ઉપરોકત ઔધોગીક વિવાદના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ પડેલ પુરાવા તથા પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – : : મુદ્દાઓ : : –

(૧) શું આ કામના અરજદાર પુરવાર કરે છે કે, તેઓને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(ર) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૩) શું હુકમ ?

## – : : નિષ્કર્ષ : : –

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**– : : પ રા મ ર્શ : : –**

***મુદ્દા નં.(૧) અને નં.(૨) :–***

(૮) આ કામે અરજદારે પોતાના માંગણા નિવેદનમાં તેઓ સામાવાળા નં.ર માં તા.૩૦/૭/૨૦૦૩ ના રોજ કાયમી કામદાર તરીકે જોડાયેલા અને ત્યારબાદ રીબન પ્લાન્ટમાં રૂા.૨૯૭/– ના માસીક પગારથી ફરજ બજાવતા હોવાનું, તેઓને સળંગ નોકરી કરેલ હોવાનું અને નોકરી દરમ્યાન કોઈ નોટીસ, ઠકપો કે કેમો નહી આપેલાનું જણાવેલ છે. વધુમાં અરજદારે તેમના સોગંદનામામા માંગણા નિવેદન મુજબની જ હકીકતોનું પુનરાવર્તન કરી, અરજદારને છુટા કરવાનું સામાવાળા નં.ર નું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ, અરજદારને નોકરીની મુળ જગ્યાએ, મુળ હોદ્દા ઉપર, સળંગ નોકરી ગણી, નોકરીમાં પુન:સ્થાપિત કરી, પડેલા દિવસોનો પુરો પગાર મળવાપાત્ર અન્ય તમામ લાભો સહીત ચુકવી આપવાનો સામાવાળાઓને હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામના સામાવાળા નં.ર નાએ પોતાનો લેખિત જવાબ રજુ કરી, અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલો છે. સામાવાળા નં.ર નાએ જણાવેલ છે કે, અરજદાર તેમના કામદાર હતા જ નહી અને તેઓ અને અરજદાર વચ્ચે નોકર–માલીકના સબંધો ઉપસ્થિત જ થયેલા ન હોઈ, અરજદારનો રેફરન્સ કેસ રદ કરવા અરજ કરેલ છે.

(૯) આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર

કરવાની રહે છે.

(૧૦) આ કામે અરજદારે હાજર થઈ પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. પરંતુ ત્યારબાદ અવાર–નવાર મુદ્દતો આપવા છતાં અરજદાર ઉલટતપાસ માટે હાજર રહેતા નથી. જે સંજોગોમાં તેઓની સરતપાસને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. અંતે અરજદારનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. તેમ છતાં પણ અરજદાર ઉલટતપાસ માટે હાજર થયેલા નથી કે કોઈ રીપોર્ટ/રજુઆત નથી. આમ, અરજદારને હાલનો કેસ આગળ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાય આવતું નથી. અરજદારે તેમનું માંગણાનું નિવેદન રજુ કર્યા બાદ પોતાના કથનના સમર્થનમાં મૌખિક પુરાવાની એફીડેવીટ રજુ કર્યા બાદ ઉલટતપાસ માટે હાજર રહેલા નથી.

અરજદારના વિ.વ.શ્રીએ દલીલના તબકકે રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદારને અવાર–નવાર મુદ્દતોની જાણ કરેલ હતી તેમ છતાં તેઓ હાજર રહેતા નથી અને ત્યારબાદ તેઓનો સંપર્ક કરતા તેમનો સંપર્ક થઈ શકતો નથી. જેથી યોગ્ય હુકમ પસાર કરવા અરજ કરેલ છે.

આમ રેકર્ડ ઉપરની હકીકતો અને અરજદારની વર્તણુંક ધ્યાને લેતા અરજદારને પોતાનો કેસ આગળ ચલાવવામાં કોઈ રસ નહી હોવાનું ફલીત થાય છે. આમ અરજદાર પોતાનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે. અરજદારને ન્યાયીક અને વ્યાજબી કરતાં વધુ સમય સુધી તક આપવામાં આવેલ છે. આમ અરજદાર પોતાના માંગણા નિવેદન મુજબ તેઓ સામાવાળાના કામદાર હોવાનું, સળંગ નોકરી કરેલ હોવાનું કે સામાવાળાએ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું પુરવાર કરી શકેલ ન હોઈ, અરજદાર માંગ્યા મુજબની કોઈ પણ દાદ મેળવવા હકકદાર થતા નથી. જે સંજોગોમાં અરજદાર પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.(૧) અને નં.(૨) નો જવાબ ''**નકાર**'' માં આપી, મુદ્દા નં.(૩)

અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

અરજદારનો હાલનો રેફરન્સ કેસ આથી ના–મંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(ફૈયાઝ અમાનુલ્લાખાન સિન્ધી)**

તારીખ : ૧૯/૦૯/૨૦૨૨
નડીઆદ.
(M.D.)

પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત, નડીઆદ.
**GJ01151**